Friday
06.03.2026
✻Volume :10 ✻ Issue No.238
✻Email.: kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં SMVS સંસ્થાના સ્થાપક પૂ. બાપજીનો ૯૩મો પ્રાગટ્ય મહોત્સવ યોજાયો

## વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને SMVS જેવી સંસ્થાઓ શિક્ષણ અને સંસ્કાર સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વય દ્વારા સાકાર કરી રહી છે: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

**-:મુખ્યમંત્રીશ્રી:-**

- **'હેપ્પી પરિવાર' દ્વારા 'હેપ્પી ગુજરાત' બનાવી શકાશે અને એ રીતે 'હેપ્પી ભારત'નું સ્વપ્ન સાકાર થશે**
- **ટેકનોલોજીની યુગમાં યુવાનોમાં ચિપ ડિઝાઇન, AI અને એડવાન્સ ટેક્નોલોજીના કૌશલ્ય વિકાસ માટે SMVS જેવી સંસ્થાઓ ટેકનિકલ અભ્યાસક્રમો દ્વારા સહયોગી બને**
- **ભૂકંપ, પૂર, વાવાઝોડું કે કોરોના જેવી મહામારીમાં SMVS સંસ્થાની સેવાકીય કામગીરી નોંધપાત્ર**

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે SMVS સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક ગુરુદેવ પૂ. બાપજીના ૯૩મા પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. 'સાબરમતીના કાંઠે એક આદર્શ શિલ્પી' થીમ પર આધારિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ SMVS ના સ્થાપક પૂજ્ય બાપજીની દિવ્ય ચેતનાને વંદન કરી, સૌને એકતા, પ્રેમ અને સમરસતાના પર્વ ધૂળેટીની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સંતો, શાસ્ત્રો અને મંદિરો ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધારસ્તંભ છે. ત્યારે SMVS સંસ્થા શિક્ષણ, સેવા અને સંસ્કારની ત્રિવેણી સરિતા વહાવીને આ સ્તંભોને વધુ મજબૂત કરી રહી છે. પૂજ્ય બાપજીએ વાવેલું ભક્તિનું બીજ આજે વટવૃક્ષ બનીને લાખો હરિભક્તોને સત્સંગનો છાયડો આપી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. શ્રી પટેલે ભગવાન સ્વામિનારાયણની શિક્ષાપત્રીની આજ્ઞાને શિરોમાન્ય રાખીને







SMVS દ્વારા કુદરતી કે માનવસર્જિત આફતો-જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડું કે કોરોના મહામારીમાં હંમેશાં અગ્રેસર રહીને કરવામાં આવતાં સેવાકાર્યોને બિરદાવ્યા હતા. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં પૂજ્ય સત્ય સંકલ્પદાસજી સ્વામીના નેતૃત્વમાં આ સેવાકાર્યો વધુ વેગવંતા બન્યા છે. જે અંતર્ગત, આરોગ્ય ક્ષેત્રે SMVS હોસ્પિટલનું નિર્માણ, શિક્ષણક્ષેત્રે ગાંધીનગરમાં કન્યા ગુરુકુળ અને પંચમહાલ જિલ્લામાં આદિવાસી બાળકો માટે નિઃશુલ્ક ગુરુકુળ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ સહિતની પ્રવૃત્તિઓની તેમણે પ્રશંસા કરી હતી. શ્રી પટેલે વડાપ્રધાનશ્રીએ આપેલાં 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને યાદ કરતાં કહ્યું કે મંદિરો સનાતન ધર્મનું અભિન્ન અંગ છે.

તેમના જ નેતૃત્વમાં આજે આપણે હજાર વર્ષની એ સોમનાથ સ્વાભિમાન યાત્રાની ઐતિહાસિક પળના સાક્ષી બનવાનો અવસર મળ્યો છે. તેમણે કહ્યું કે ભારત હવે સેમિકન્ડકટર જેવા આધુનિક ક્ષેત્રોમાં વિશ્વમાં લીડ લઈ રહ્યું છે. સાણંદમાં સેમિકન્ડકટર પ્લાન્ટનું લોકાર્પણ એ આત્મનિર્ભરતા તરફનું એક ઐતિહાસિક કદમ છે. બદલાતાં સમયની માંગ મુજબ યુવાનોમાં ચિપ ડિઝાઈન, AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને એડવાન્સ ટેકનોલોજીનું કૌશલ્ય વિકસે તે માટે SMVS જેવી સંસ્થાઓ પણ ટેકનિકલ અભ્યાસક્રમો દ્વારા સહયોગી બનવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીએ આપેલા પાણી બચાવો (Catch the Rain), 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ, સ્વચ્છતા, વોકલ ફોર લોકલ, પ્રાકૃતિક ખેતી, અને યોગ સહિતના નવ સંકલ્પોને જીવનનો હિસ્સો બનાવવા માટે હરિભક્તોને અપીલ કરી હતી. શ્રી પટેલે 'હેપ્પી પરિવાર' દ્વારા 'હેપ્પી ગુજરાત'ની સંકલ્પના વિશે વાત કરતાં કહ્યું કે જો રાજ્યનો દરેક પરિવાર સુખી હશે, તો રાજ્ય સુખી રહેશે અને જો રાજ્ય સુખી થશે, તો દેશ પણ સુખી બનશે. આ પ્રકારે 'હેપ્પી ભારત'ના સ્વપ્નને સિદ્ધ કરવા દેશના વિકાસમાં સહભાગી થવા સૌને અપીલ કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે આગામી તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અનાદિમુક્ત વિશ્રમ સંસ્થાનના પ્રથમ સંકુલનું લોકાર્પણ, શિખરબદ્ધ મંદિર અને અનાદિમુક્ત પીઠિકાના નિર્માણ માટેની તારીખોની ઓનલાઈન માધ્યમથી જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં SMVS સંસ્થાના વડા પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામી, પૂ. ભક્તવત્સલદાસજી, પૂ. નિર્ગુણજીવનદાસજી, પૂ. ધર્મપ્રિયદાસજી સહિતના સંતો, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, અમદાવાદ પશ્ચિમના સાંસદ હસમુખભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્યો, મહાનુભાવો સહિત બહોળી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે –એ જ સાચી માનવીય સેવા છે?

કમલમ્,

દેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી જી ને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી. શ્રી સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકો માં એમ ડી શ્રી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમ JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરી ના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી. આજે એ દીકરી સુરક્ષિત છે — અને એક પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે. આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણી નુ "પરિવાર ભાવ"નું જીવંત ઉદાહરણ છે? હૃદયપૂર્વક આભાર ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી, એમ ડી કે જે પટેલ તેમજ JIFCO ના CFO દીપક યાદવ અને તેમની ટીમનો. આપે સાબિત કર્યું કે સાચું નેતૃત્વ એ જ છે, જે સંકટના સમયમાં સાથે ઊભું રહે? આપનો આ માનવીય સહયોગ હંમેશા સ્મરણિય રહેશે. તાજેતરના જીફકો પ્રવાસ ની તસ્વીર માં ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી, એમ ડી. કે જે પટેલ, જીફકો ના દીપક યાદવ દ્રશ્યમાન થાય છે.



# "સર્વાઇકલ કેન્સરથી દીકરીને બચાવીએ, સમયસર HPV રસી મુકાવીએ"

## HPV રસી અંગેની અફવાઓ પાયાવિહોણીઃ વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં સ્વીકૃત આ રસી દીકરીઓ માટે સંપૂર્ણ સુરક્ષિત હોવાનું નિષ્ણાત તબીબોનું મંતવ્ય









## ૧૪ વર્ષની દીકરીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપવા સરકારના અભિયાનમાં જોડાવા વાલીઓને જાહેર અપીલ

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના અજમેરથી દેશવ્યાપી HPV રસીકરણ અભિયાનનો ૨૮મી ફેબ્રુઆરીના રોજ પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાની ઉપસ્થિતિમાં અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી રાજ્યવ્યાપી HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગર્ભાશયના મુખના કેન્સર (Cervical Cancer) સામે લડવા માટેની આ રસી અંગે ફેલાવવામાં આવતી નકારાત્મક ટિપ્પણીઓ અને અફવાઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)ના નિષ્ણાત તબીબોએ પાયાવિહોણી ગણાવી છે. આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે અને દીકરીઓને જીવલેણ કેન્સરથી બચાવવા માટે અનિવાર્ય હોવાનું તબીબોએ ભારપૂર્વક જણાવ્યું છે.

**દેશમાં ગર્ભાશયના મુખના કેન્સર (Cervical Cancer) ના ગંભીર આંકડા**

- ભારતીય મહિલાઓમાં જોવા મળતા કુલ કેન્સરના કેસોમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમે છે (લગભગ ૧૭.૭%).
- ભારતમાં દર ૪ મિનિટ અને ૧૨ સેકન્ડે એક મહિલામાં સર્વાઈકલ કેન્સરનું નિદાન થાય છે.
- દેશમાં દર ૭ મિનિટે એક મહિલાનું મૃત્યુ સર્વાઈકલ કેન્સરને કારણે થાય છે.
- દુર્ભાગ્યે, ભારતમાં લગભગ ૭૦-૭૫% દર્દીઓ બીજા અથવા ત્રીજા સ્ટેજમાં નિદાન માટે આવે છે.
- ગર્ભાશયના મુખનું કેન્સર ૩૦ થી ૬૯ વર્ષની વયજૂથની મહિલાઓમાં થતા મૃત્યુનું એક મુખ્ય કારણ છે.

**નિષ્ણાત તબીબોનો અભિપ્રાયઃ રસી શા માટે જરૂરી?**

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના તબીબોના જણાવ્યા મુજબ, ભારતમાં મહિલાઓમાં થતા કેન્સરમાં ગર્ભાશયના મુખનું કેન્સર બીજા ક્રમે છે. વર્ષ ૨૦૨૨ના આંકડા અનુસાર, દેશમાં અંદાજે ૧,૨૭,૫૨૬ નવા કેસ અને ૭૯,૯૦૬ મૃત્યુ નોંધાયા હતા, જ્યારે ગુજરાતમાં ૪૯૨૮ નવા કેસ અને ૧૭૮૧ મૃત્યુ નોંધાયા હતા. આ કેન્સર માટે મુખ્યત્વે HPV ૧૬ અને ૧૮ પ્રકારના વાયરસ જવાબદાર છે. ૧૪ વર્ષની વયે આપવામાં આવતી આ રસી આ વાયરસ સામે રોગપ્રતિકારક શક્તિ વિકસાવવામાં સૌથી વધુ અસરકારક સાબિત થાય છે. HPV ચેપ લાંબા સમય સુધી રહે તો તે 'Cervical Intraepithelial Neoplasia (CIN)' માં પરિવર્તિત થઈ શકે છે, જે ૧૦ થી ૨૦ વર્ષમાં આક્રમક કેન્સરમાં ફેરવાય છે. આ લાંબો સમયગાળો પ્રાથમિક નિવારણ માટે સોનેરી તક પૂરી પાડે છે, તેથી કિશોરી અવસ્થામાં ચેપ લાગે તે પહેલા રસી આપવી એ સર્વોત્તમ રક્ષણ છે.

**વિશ્વસનીયતાના વૈજ્ઞાનિક પુરાવા**

**તબીબોએ આ રસીની સુરક્ષા અંગે વૈશ્વિક પુરાવાઓ ટાંકતા જણાવ્યું છે કેઃ**

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ની ગ્લોબલ એડવાઈઝરી કમિટી (GACVS) એ સ્પષ્ટ કર્યું છે કે HPV રસી અને વંધ્યત્વ અથવા અન્ય ગંભીર આડઅસરો વચ્ચે કોઈ જ કારણભૂત સંબંધ નથી.
- આ રસીને અમેરિકાની FDA (Food and drug administration) અને CDC જેવી વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓએ પણ મંજૂરી આપી છે.
- ભારતમાં ICMR (Indian Council of Medical Research) અને NTAGI દ્વારા HPV રસીના સમાવેશને પૂર્ણ સમર્થન આપવામાં આવ્યું છે.
- અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ અને કેનેડા સહિત વિશ્વના ૧૦૦થી વધુ દેશોએ આ રસીને પોતાના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સામેલ કરી છે.
- ઓસ્ટ્રેલિયામાં ૨૦૦૭થી શરૂ થયેલા કાર્યક્રમ બાદ HPV ચેપ અને ઉંચી કક્ષાના ગર્ભાશયના મુખના ઘાવમાં ૯૦% સુધીનો ઘટાડો નોંધાયો છે.
- યુકેમાં ૧૨-૧૩ વર્ષની વયે રસી લેનાર યુવતીઓમાં કેન્સરનું પ્રમાણ ૮૭% સુધી ઘટ્યું હોવાનું સંશોધનોમાં સાબિત થયું છે.

**રાજ્ય સરકારની મજબૂત તૈયારી અને સુરક્ષા વ્યવસ્થા**

- આ અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા અંદાજે ૫.૫૦ લાખ કિશોરીઓને રસી આપવાનું લક્ષ્ય છે.
- નિઃશુલ્ક રસીકરણઃ બજારમાં એક ડોઝની કિંમત રૂ. ૩,૦૦૦ હોવા છતાં, સરકાર રૂ. ૧૫૦ કરોડના ખર્ચે આ રસી વિનામૂલ્યે આપી રહી છે.
- સુરક્ષા અને દેખરેખઃ રસીની અસરકારકતા માટે +2 °C થી +8° C તાપમાનમાં ૨૨૯૭ કોલ્ડ ચેઈન પોઈન્ટ કાર્યાન્વિત છે. જો કોઈ કિશોરીને સામાન્ય ગભરામણ જેવી આડઅસર જણાય, તો તેની તાત્કાલિક સારવાર માટે દરેક કેન્દ્ર પર ડોક્ટર અને દવાઓની વ્યવસ્થા છે.
- રિયલ-ટાઈમ મોનિટરિંગઃ રસીકરણના ડેટા અને કેન્સર નાબૂદીના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે રાજ્યમાં TeCHO+ અને SAFE-VAC જેવા પોર્ટલ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવે છે.

**સર્વાઇકલ કેન્સર નાબૂદી માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના લક્ષ્યાંકો અને તેને અનુરૂપ ગુજરાતમાં થઈ રહેલી પ્રગતિ નીચે મુજબ છેઃ**

૯૦-૭૦-૯૦નો વૈશ્વિક લક્ષ્યાંકઃ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૯૦% કિશોરીઓનું રસીકરણ, ૭૦% મહિલાઓનું ૩૫ અને ૪૫ વર્ષની વયે સ્ક્રીનિંગ અને ૯૦% અસરગ્રસ્ત મહિલાઓને સચોટ સારવાર પૂરી પાડવાનો લક્ષ્યાંક છે.

**ગુજરાતની વ્યૂહરચનાઃ રાજ્યમાં રસીકરણની સાથે સાથે 'મમતા દિવસ' ના માધ્યમથી દર વર્ષે ૧૩ લાખથી વધુ સગર્ભા બહેનો અને ૧૨ લાખ બાળકો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવે છે.**

**નિષ્ણાત દેખરેખઃ★ રાજ્યકક્ષાએ HPV અભિયાનની તૈયારી અંતર્ગત અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા સીધું સુપરવિઝન અને જિલ્લા કક્ષાએ વર્ગ-૧/૨ ના અધિકારીઓને સંકલન અધિકારી તરીકે નિયુક્ત કરી કામગીરીને વેગ આપવામાં આવ્યો છે.**

આરોગ્ય વિભાગ અને નિષ્ણાત તબીબો વાલીઓને અપીલ કરે છે કે, અફવાઓથી ગેરમાર્ગે દોરાયા વગર પોતાની ૧૪ વર્ષની દીકરીને આ રસી અવશ્ય અપાવે. આ રસી એ ભવિષ્યમાં કેન્સર જેવી જીવલેણ બીમારી સામે દીકરીનું 'રક્ષક કવચ' છે.

સર્વાઈકલ કેન્સરથી દીકરીને બચાવીએ, સમયસર HPV રસી મુકાવીએ."

## તંત્રી સ્થાનેથી......

સ્વસ્થ જીવનશૈલી તરફ આગળવધતું ગુજરાત આજે "સ્વસ્થ ગુજરાત અને મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન દ્વારા આરોગ્ય જાગૃતિનું સશક્ત માળખું ઉભું કરી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં વધતા વજન, ઓવરવેઈટ અને ઓબેસિટી જેવી સમસ્યાઓ અંગે લોકોમાં સમજણ વધારવાનો છે. આધુનિક જીવનશૈલી, બેઠાડું કામ, જંક ફૂડનું વધતું સેવન અને શારીરિક કસરતનો અભાવ - આ બધાં કારણોસર મેદસ્વિતાના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. પરંતુ ઘણીવાર લોકો "ઓવરવેઈટ" અને "ઓબેસિટી" શબ્દોને એકસરખા અર્થમાં વાપરે છે, જ્યારે બંને વચ્ચે તફાવત સ્પષ્ટ છે. સૌપ્રથમ "ઓવરવેઈટ" એટલે કે વધારાનું વજન સમજવું જરૂરી છે. જ્યારે વ્યક્તિનું વજન તેની ઉંચાઈ પ્રમાણે સામાન્ય મર્યાદાથી વધુ હોય, ત્યારે તેને ઓવરવેઈટ ગણવામાં આવે છે. આ માપ માટે "બોડી માસ ઈન્ડેક્સ" (BMI)નો ઉપયોગ થાય છે. BMI ૨૫થી ૨૯.૯ વચ્ચે હોય તો વ્યક્તિ ઓવરવેઈટ ગણાય છે. આ સ્થિતિ આરોગ્ય માટે ચેતવણીરૂપ છે, કારણ કે આ તબક્કે જીવનશૈલીમાં સુધારો કરવામાં આવે તો ગંભીર સમસ્યાઓ ટાળી શકાય છે. બીજી તરફ "ઓબેસિટી" એટલે કે મેદસ્વિતા વધુ ગંભીર પરિસ્થિતિ છે. જ્યારે BMI 30 અથવા તેથી વધુ હોય ત્યારે વ્યક્તિ ઓબેસ ગણાય છે. આ સ્થિતિમાં શરીરમાં ચરબીનું પ્રમાણ અતિશય વધી જાય છે અને તે માત્ર દેખાવનો મુદ્દો નહીં પરંતુ આરોગ્ય માટે મોટો જોખમ બની જાય છે. ઓબેસિટી હૃદયરોગ, ટાઈપ-૨ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, સ્ટ્રોક અને કેટલાક પ્રકારના કેન્સર જેવા રોગોના જોખમને નોંધપાત્ર રીતે વધારે છે. ઓવરવેઈટ અને ઓબેસિટી વચ્ચેનો મુખ્ય તફાવત ગંભીરતામાં છે. ઓવરવેઈટ પ્રારંભિક ચરણ છે, જ્યારે ઓબેસિટી તેની આગળની અને વધુ જોખમી અવસ્થા છે. ઓવરવેઈટ વ્યક્તિને થાક, શ્વાસ લેવામાં તકલીફ અથવા સાંધાના દુખાવાની શરૂઆત થઈ શકે છે, પરંતુ ઓબેસિટી ધરાવતા લોકોમાં આ લક્ષણો વધુ તીવ્ર અને લાંબા ગાળાના બની શકે છે. ઉપરાંત, ઓબેસિટીનો માનસિક આરોગ્ય પર પણ પ્રભાવ પડે છે, જેમ કે આત્મવિશ્વાસમાં ઘટાડો અને ડિપ્રેશનનો ભય.

# ટોકચોમાં ૭મી ભારત-જાપાન CEPA જોઈન્ટકમિટીની બેઠક યોજાઈ; વાણિજ્ય વિભાગના સચિવ શ્રી રાજેશ અગ્રવાલે ચર્ચાઓની સહ-અધ્યક્ષતા કરી

**શ્રી રાજેશ અગ્રવાલે વૈવિધ્યસભર અને સંતુલિત ભારત-જાપાન વેપાર માટે આહ્વાન કર્યું; CEPA ની સંપૂર્ણ ક્ષમતા અને નિકાસની તકો પર ભાર મૂક્યો**



કમલમ્,

ભારત-જાપાન વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) હેઠળ ૭મી જોઈન્ટ કમિટીની બેઠક ૨ માર્ચ ૨૦૨૬ના રોજ જાપાનના ટોક્યોમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારત સરકારના વાણિજ્ય વિભાગના સચિવ શ્રી રાજેશ અગ્રવાલ અને જાપાન સરકારના વિદેશ મંત્રાલયના સિનિયર ડેપ્યુટી મિનિસ્ટર દ્વારા કરવામાં આવી હતી. બંને પક્ષોએ CEPA ના અમલીકરણને લગતા મુદ્દાઓની સમીક્ષા કરી અને દ્વિપક્ષીય આર્થિક જોડાણને વધુ મજબૂત કરવાના માર્ગો પર વિચાર-વિમર્શ કર્યો હતો. બેઠકની સાથે સાથે, વાણિજ્ય વિભાગના સચિવ શ્રી અગ્રવાલે આર્થિક, વેપાર અને ઉદ્યોગ મંત્રાલય (METI) ના વાઈસ મિનિસ્ટર સાથે મુલાકાત કરી હતી. ચર્ચાઓમાં દ્વિપક્ષીય વેપાર અને રોકાણ, વ્યવસાયિક વાતાવરણમાં સુધારો અને વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ની આગામી ૧૪મી મંત્રી સ્તરીય પરિષદ સહિતના મુદ્દાઓની વિશાળ શ્રેણીને આવરી લેવામાં આવી હતી. METI વાઈસ મિનિસ્ટર સાથેની બેઠક દરમિયાન, શ્રી અગ્રવાલે ઓગસ્ટ ૨૦૨૫ માં વાર્ષિક સમિટ દરમિયાન બંને દેશોના નેતાઓ દ્વારા વ્યક્ત કરાયેલા સમાન વિઝન પર ભાર મૂક્યો અને દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વધારવા અને વૈવિધ્યસભર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે બંને અર્થતંત્રો વચ્ચેના મજબૂત પૂરક સંબંધો - ટેકનોલોજી, મૂડી અને અદ્યતન ઉત્પાદનમાં જાપાનની શક્તિ, અને ભારતના કુશળ કાર્યબળ, વિશાળ બજાર અને ઝડપથી વિકસતા અર્થતંત્ર પર ભાર મૂક્યો હતો. તેમણે લીડર્સ સમિટ દરમિયાન અપેક્ષા મુજબ વ્યક્તિઓની અવરજવર સહિત CEPA ના સંપૂર્ણ લાભો મેળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. શ્રી અગ્રવાલે ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ અને સેવાઓ જેવા ક્ષેત્રોમાં જાપાનમાં ભારતની નિકાસમાં વૃદ્ધિની નોંધપાત્ર સંભાવનાઓ નોંધી હતી. તેમણે લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે વધુ સંતુલિત દ્વિપક્ષીય વેપાર સંબંધ હાંસલ કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. વાણિજ્ય સચિવે વધુમાં એક રાઉન્ડટેબલ વાતચીત દરમિયાન જાપાની ઉદ્યોગના અગ્રણી પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો. સાંજે, જાપાનમાં ભારતીય દૂતાવાસ દ્વારા કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) અને કેઈડાનરેન (Keidanren) ના સહયોગથી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે ભારતમાંથી વેપારને પ્રોત્સાહન આપવા અને જાપાની કંપનીઓ તરફથી વધુ રોકાણ પ્રવાહની સુવિધા પર કેન્દ્રિત હતું. શ્રી અગ્રવાલે સહભાગીઓને વેપાર અને રોકાણ માટે ભારતના અનુકૂળ નીતિ વિષયક વાતાવરણ વિશે માહિતગાર કર્યા હતા, જેમાં વ્યવસાય કરવાની સરળતા (ease of doing business) માં સુધારો કરવા અને નિયમનકારી પ્રક્રિયાઓને સરળ બનાવવા માટેના ચાલુ પગલાંનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે CEPA ટેરિફ નિશ્ચિતતા અને નિયમનકારી અનુમાનિતતા સુનિશ્ચિત કરતું સ્થિર માળખું પૂરું પાડે છે, જેનાથી વૈશ્વિક મૂલ્ય અને પુરવઠા શૃંખલામાં વિશ્વસનીય ભાગીદારો તરીકે ભારત અને જાપાન વચ્ચે ઊંડા સહયોગ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થાય છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં અંદાજીત ૧૨,૬૦૦ કિશોરીઓને એચ.પી.વી વેક્સિન અપાશે

**વેક્સિન જિલ્લાની તમામ પી.એચ.સી., સી.એચ.સી., યુ.પી.એસ.સી. તેમજ સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દરરોજ તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ**

કમલમ્,સુરેન્દ્રનગર

ભારત સરકાર દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે એચ.પી.વી. વેક્સિન લોન્ચ કરવામાં આવી છે. ત્યારે આ રાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લામાં મહાત્મા ગાંધી જનરલ હોસ્પિટલ ખાતે આ વેક્સિન આપવાની કામગીરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વેક્સિન સ્ત્રીઓમાં થતા સર્વાઈકલ કેન્સર એટલે કે, ગર્ભાશયના મુખનું કેન્સર સામે અસરકારક રક્ષણ પૂરું પાડે છે. નોંધનીય છે કે, ગર્ભાશયના મુખનું કેન્સર એચ.પી.વી. વાયરસના કારણે થાય છે, જેને જડમૂળથી નાબૂદ કરવાના ઉમદા હેતુથી સરકારદ્વારા આ રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સરકારશ્રીની હાલની માર્ગદર્શિકા મુજબ, પ્રથમ ત્રણ માસ માટે જે બાળકીઓએ ૧૪ વર્ષ પૂર્ણ કર્યા હોય અને ૧૫ વર્ષ પૂર્ણ ન થયા હોય તેવી બાળકીઓને આ વેક્સિન



આપવામાં આવશે. સુરેન્દ્રનગર જિલ્લામાં અંદાજે ૧૨,૬૦૦ જેટલી બાળકીઓને આ રસી આપવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ વેક્સિન જિલ્લાની તમામ પી.એચ.સી., સી.એચ.સી., યુ.પી.એસ.સી. તેમજ સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દરરોજ તદ્દન નિ:શુલ્ક ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન ડૉ. ચૈતન્ય પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. બી. જી. ગોહિલ સાહેબ, ACHO ડૉ. અનિલ શાહ અને સગુણાબેનની વિશેષ ઉપસ્થિતિમાં દીકરીઓને વેક્સિન આપીને આ સેવાયજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી.



કમલમ્,

**શ્રી સમસ્ત ફુલપુરા ગ્રામજનો દ્વારા આયોજિત શ્રી જોગણી માતાજી ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે હાજરી આપી માતાજીના ચરણોમાં નમન કરવાનો સૌભાગ્ય પ્રાપ્ત. ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉર્જાથી આ કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો. માતાજીના આશીર્વાદથી સર્વેના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે તેવી પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી નિરંજન ઠાકર, શ્રી સુરપાલસિંહ રાજપુત, શ્રી અશોકભાઈ, શ્રી કનુજી ઠાકોર, ગ્રામજનો તેમજ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.**



કમલમ્,

**સિદ્ધપુરના ગૌરવરૂપ દીકરા અને કેનેડાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના પ્રતિભાશાળી ખેલાડી હર્ષ તુષાર ઠાકરને ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન્માન કર્યું, બાળપણથી જ ક્રિકેટ પ્રત્યેનો તેમનો જુસ્સો, સતત મહેનત અને સમર્પણ તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડ્યું છે, જે સમગ્ર સિદ્ધપુર અને ગુજરાત માટે ગૌરવની વાત છે. હર્ષભાઈને શુભેચ્છા પાઠવી અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરી. તેમની સિદ્ધિઓ યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે અને તેઓ આવનારા સમયમાં વધુ ઊંચાઈઓ સર કરે તેવી શુભેચ્છા પાઠવી.**



કમલમ્,

**કડાણા તાલુકાના સાલીયાબીડ ખાતે રંગ, સ્નેહ, આનંદ અને હર્ષોલ્લાસના પાવન પર્વ હોળી - ધુળેટી નિમિત્તે શ્રી વિનુભાઈ પટેલ અને પ્રવિણભાઈ પટેલ ના નિવાસ સ્થાને ગામજનો સાથે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે શુભેચ્છા મુલાકાત લીધી. આ તકે મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, કડાણા APMC ચેરમેનશ્રી અંબાલાલ પટેલ, જિલ્લા પૂર્વ પ્રમુખશ્રી જયપ્રકાશ પટેલ, શશીકાંતભાઈ પંચાલ, ભુલાભાઈ પટેલ, ગ્રુપ ગ્રામ પંચાયત કાજળીના સરપંચશ્રી ભગવતભાઈ ખાંટ,વડીલશ્રી મુળજીભાઈ પાટીદાર અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.**



કમલમ્,

**સંતરામપુર તાલુકાના માદરે વતન ભંડારા ખાતે રંગ, સ્નેહ, આનંદ અને હર્ષોલ્લાસના પાવન પર્વ ધૂળેટી નિમિત્તે ગામજનો સાથે ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે રંગ બે રંગી રંગો સાથે ધૂળેટી રમવાનો આનંદ માણ્યો. પ્રકૃતિ પૂજા, આપસી સૌહાર્દ અને સમરસતાના આ રંગોત્સવ પર્વ નિમિત્તે પ્રત્યેકનું જીવન અપાર આનંદ તથા સુખ-શાંતિથી સંપન્ન બને એજ મંગલ કામના.**

# વડગામ તાલુકા ના પાંચડા ખાતે HPV રસીકરણ આપવાનો કાર્યક્રમ યોજાયો.







કમલમ્,

બનાસકાંઠા જિલ્લાના પાંચડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ થી મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી રસી HPV નો શુભારંભ કરાવેલ છે.જે ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવેલ છે. આ રસીકરણ કાર્યક્રમ વડગામ તાલુકાના પાંચડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યો હતો. ભારતમાં મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર તમામ નોંધાતા કેન્સરમાં બીજા સ્થાને છે આ ગંભીર બીમારી સામે મહિલાઓને રક્ષણ મળે તે માટે ૧૪ વર્ષની દીકરી (૧૪ મો જન્મ દિવસ ઉજવ્યો અને ૧૫ મો બાકી હોય)ના માટે રસીકરણ સુનિશ્ચિત કરેલ છે. આ કાર્યના શુભારંભ પ્રસંગે ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ ભાજપા બક્ષીપંચ મોરચા પ્રદેશ આમંત્રિત કારોબારી સદસ્ય શ્રી મુકેશભાઈ દરજી પાંચડા, વડગામ તાલુકા ભાજપ મહામંત્રી શ્રી લાલાજી ઠાકોર, વડગામ તાલુકા ભાજપા મંત્રી શ્રી ભોપાલસિંહજી ડાભી અંધારિયા, વડગામ તાલુકા ભાજપ કિસાન મોરચા મહામંત્રી શ્રી કિરણભાઈ ચૌધરી, વડગામ તાલુકા ભાજપ કાલેડા જીલ્લા પંચાયત સીટ ભાજપ ઈન્ચાર્જ શ્રી જીરાલાભાઈ, પાંચડા સરપંચ શ્રી સીતાબેન મુકેશજી ઠાકોર, ભાજપ યુવા અગ્રણી શ્રી મનુભા ડાભી, રોગી કલ્યાણ સમિતિ અધ્યક્ષ શ્રી રામજીભાઈ ચૌધરી, પાંચડા ગ્રામ પંચાયત સભ્ય સમુબેન માનસંગજી ઠાકોર, શ્રી પ્રવિણજી ઠાકોર, પાંચડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી આશિષભાઈ રાઠોડ, આયુષ મેડિકલ ઓફિસર શ્રી નરેશભાઈ પરમાર,નર્સ બહેનો, આશા વર્કર બહેનો, આરોગ્ય સ્ટાફ વગેરે ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ફિમેલ હેલ્થ સુપર વાઈજર શ્રીમતી મધુબેન રાવલ, મેલ હેલ્થ સુપરવાઈઝર શ્રી દિનેશસિંહ રાજપૂત અને મેલ હેલ્થ વર્કર શ્રી રજનીભાઈ કટારીયા વગેરે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. ઉપસ્થિત દીકરીઓને નાસ્તો આપી રસીકરણ કરવામાં આવ્યું અને રસી લેનાર લાભાર્થીઓને ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# ફાગણ પૂનમે ડાકોર પદયાત્રામાં ઉમંગ સેવા ટ્રસ્ટનો સેવાભાવી ઉપક્રમે વૃંદાવન ધામ, બોરડી ખાતે ભકતો માટે મફત મેડિકલ કેમ્પ-સૈંકડો યાત્રાળુઓને લાભ

કમલમ્,

ફાગણ પૂનમની હોળી નિમિત્તે સમગ્ર ગુજરાતમાંથી દર વર્ષે લાખો ભક્તો ભગવાનના દર્શનાર્થે ડાકોર રણછોડરાય મંદિર તરફ પદયાત્રા કરીને પહોંચે છે. ભક્તિ, શ્રદ્ધા અને ઉમંગથી ભરપૂર આ યાત્રા દરમિયાન અનેક યાત્રાળુઓ લાંબી ચાલના કારણે થાક, ડિહાઈડ્રેશન, તાવ, પગમાં છાલા, ઈજા જેવી તકલીફોનો સામનો કરતા હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઉમંગ સેવા ટ્રસ્ટ દ્વારા બોરડી સ્થિત વૃંદાવન ધામ ખાતે મફત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં અનુભવી તબીબી સ્ટાફ અને





સેવાભાવી કાર્યકરો દ્વારા યાત્રાળુઓનું આરોગ્ય નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બ્લડ પ્રેશર અને બ્લડ શુગર ચેક-અપ, તાવ-સર્દી, શરીરના દુખાવા તેમજ નાની-મોટી ઈજાઓ માટે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી. જરૂરિયાત મુજબ દવાઓનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. કેમ્પ દરમિયાન સૈંકડો પદયાત્રીઓએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. સેવાકાર્યમાં ધારા દોંગા, દિપાલી મોરડીયા, રૂપેશ મોરડીયા, અવિનાશભાઈ, પ્રકાશભાઈ સહિતના કાર્યકરો સક્રિય રીતે જોડાયા હતા અને દિવસભર ભકતોની સેવા કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ સરફરાઝ મન્સૂરી એ જણાવ્યું હતું કે "ભકતોની સેવા એ જ સાચી ભક્તિ છે." સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવતા ઉમંગ સેવા ટ્રસ્ટ દ્વારા આવનારા સમયમાં પણ ધાર્મિક પ્રસંગો અને યાત્રાઓ દરમિયાન આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનું આયોજન કરવામાં આવશે. યાત્રાળુઓએ ટ્રસ્ટના આ માનવતાવાદી કાર્યની પ્રશંસા કરી અને સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો.

# હોળીની ઉજવણી વચ્ચે જનઔષધિ સપ્તાહ ૨૦૨૬ના ચોથા દિવસે દેશવ્યાપી મફત આરોગ્ય તપાસ શિબિરો ચાલુ રહી

કમલમ્,

૭ માર્ચે ૮મા જનઔષધિ દિવસની પૂર્વતૈયારી રૂપે ૧લી થી ૫મી માર્ચ ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલી દેશવ્યાપી આઉટરીચ પહેલના ભાગરૂપે, જનઔષધિ સપ્તાહ ૨૦૨૬ ના ચોથા દિવસે ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા (PMBI), ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર મંત્રાલય દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આરોગ્ય તપાસ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશમાં હોળીના તહેવારની ઉજવણી થઈ રહી હોવા છતાં, આ આરોગ્ય શિબિરોમાં નાગરિકોની ઉત્સાહભરી ભાગીદારી જોવા મળી હતી. મફત તબીબી પરામર્શ, બ્લડ પ્રેશર, બ્લડ સુગર અને થાઈરોઈડ પરીક્ષણ જેવી ઓન-સાઈટ ડાયગ્નોસ્ટિક સેવાઓ, બાળરોગની સંભાળ અને ગંભીર બીમારીઓ માટે પરામર્શ પૂરો પાડવામાં આવ્યો હતો. સસ્તી અને ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓના ફાયદાઓ પર પ્રકાશ પાડતા જાગૃતિ સત્રો સાથે જનઔષધિ દવાઓ અને સેનિટરી પેડ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. નૌહટ્ટા, ડાઉન ટાઉન શ્રીનગર, જમ્મુ અને કાશ્મીર ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

હાવેરી, કર્ણાટક ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું સપ્તાહભરની ઉજવણીના ભાગ રૂપે દેશભરમાં આશરે ૨૫૦ સ્થળો પર મફત આરોગ્ય શિબિરોનું આયોજન કરી રહ્યા છે, જે મફત પરામર્શ, દવાઓનું વિતરણ અને બ્લડ સુગર અને બ્લડ પ્રેશર મોનિટરિંગ જેવી પાયાની ડાયગ્નોસ્ટિક પરીક્ષણો સહિત આવશ્યક આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરે છે.

પલનાડુ, આંધ્ર પ્રદેશ ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પ ચોથા દિવસે ડોડબલ્લાપુર, બેંગલુરુ ગ્રામીણ (કર્ણાટક), મોહોલ, સોલાપુર (મહારાષ્ટ્ર), નૌહટ્ટા, ડાઉન ટાઉન શ્રીનગર (જમ્મુ અને કાશ્મીર), પલનાડુ (આંધ્ર પ્રદેશ), બેંગલુરુ અર્બન (કર્ણાટક), હાવેરી (કર્ણાટક) સહિતના અનેક સ્થળોએ શિબિરો યોજાઈ હતી. ડોડબલ્લાપુર, બેંગલુરુ ગ્રામીણ, કર્ણાટક ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP) હેઠળ, દેશભરમાં કાર્યરત ૧૮,૦૦૦ થી વધુ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો (PMBJKs) દ્વારા જનતાને સસ્તા ભાવે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળનું ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા (PMBI), આ મુખ્ય પહેલને અમલમાં મૂકી રહ્યું છે જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે આવશ્યક દવાઓ દરેક નાગરિકને બ્રાન્ડેડ દવાઓની તુલનામાં નોંધપાત્ર રીતે નીચા ભાવે, ગુણવત્તા સાથે સમજૂતી કર્યા વિના સુલભ બને. સરકારે માર્ચ ૨૦૨૭ સુધીમાં ૨૫,૦૦૦ કેન્દ્રો સ્થાપવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે જેથી કરીને નાણાકીય અવરોધોને કારણે કોઈ પણ નાગરિક આવશ્યક દવાઓથી વંચિત ન રહે.ઉદ્યોગસાહસિકો,ફાર્માસિસ્ટ, ડોક્ટરો અને પાત્ર વ્યક્તિઓ જેઓ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર ખોલવા ઈચ્છે છે તેઓ સત્તાવાર વેબસાઈટ અ ે ટ લ ે ક ે



www.janaushadhi.gov.in દ્વારા ઓનલાઈન અરજી કરી શકે છે. વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે યોજના હેઠળ નાણાકીય સહાય અને પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવે છે. આ પહેલ ટકાઉ આજીવિકા સ્થાપિત કરવાની સાથે રાષ્ટ્રના આરોગ્યસંભાળ મિશનમાં યોગદાનઆપવાની તક પૂરી પાડે છે.

# પ્રભારી મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની અધ્યક્ષતામાં સાયલા ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

**ચોટીલા, સાયલા અને થાનગઢ તાલુકાના સર્વાંગી વિકાસ અર્થે આગામી બે વર્ષના આયોજન માટે વિસ્તૃત ચર્ચા**



**પ્રભારી મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા**

- **છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડવા એ સરકારની પ્રાથમિકતા**
- **વિકાસ કામોની ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે**

કમલમ્, સુરેન્દ્રનગર

ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની અધ્યક્ષતામાં સાયલા મામલતદાર કચેરી ખાતેસમીક્ષા બેઠકયોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિકાસશીલ તાલુકાઓ એવા ચોટીલા, સાયલા અને થાનગઢના વર્ષ ૨૦૫-૨૬ અને ૨૦૨૬-૨૭ના આગામી આયોજન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ વિવિધ વિભાગોને ફાળવવામાં આવતી ગ્રાન્ટ, પ્રગતિ હેઠળના કામો અને ભાવિ લક્ષ્યાંકોની ઝીણવટભરી સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠક દરમિયાન પ્રભારી મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, છેવાડાના માનવી સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચે અને માળખાગત સુવિધાઓ સુદ્રઢ બને તે સરકારની પ્રાથમિકતા છે. તેમણે શિક્ષણ, આરોગ્ય, આંગણવાડી, પશુપાલન, પીવાનું પાણી અને રસ્તાઓ જેવા પાયાના પ્રશ્નોને અગ્રતા આપી આગામી બે વર્ષનું સચોટ આયોજન કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ખાસ કરીને વિકાસશીલ તાલુકા યોજના હેઠળની ગ્રાન્ટનો મહત્તમ અને અસરકારક ઉપયોગ કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ શિક્ષણ ક્ષેત્રે દીકરીઓના શિક્ષણ અને સુવિધા પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે, તમામ શાળાઓમાં દીકરીઓ માટે અલગ શૌચાલય અને પાણીની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે. આરોગ્ય ક્ષેત્રે CHC સેન્ટરોની વહીવટી મુશ્કેલીઓ દૂર કરવા અને આંગણવાડીઓ માટે સરકારી જમીન સંપાદિત કરી નવા મકાનો બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત, ગ્રામ્ય બહેનો પશુપાલન થકી આર્થિક રીતે સધ્ધર બને તે માટે વધુમાં વધુ બહેનોને આ વ્યવસાય સાથે જોડવા સૂચવ્યું હતું. સાયલા તાલુકાને 'વિકસિત તાલુકો' બનાવવાના નિર્ધાર સાથે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૨૦૦ કરોડ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૨૫૦ કરોડ જેટલી માતબર ગ્રાન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રાન્ટનો ઉપયોગ છેવાડાના ગામો સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા માટે આયોજનબદ્ધ રીતે કરવામાં આવશે. મંત્રીશ્રીએ પર્યાવરણ જાળવણી માટે દરેક શાળાના કમ્પાઉન્ડમાં મહત્તમ વૃક્ષારોપણ કરવા પણ અપીલ કરી હતી. વિકાસ કાર્યોની ગુણવત્તા અને સમયમર્યાદા બાબતે મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રજાલક્ષી કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચેના સંકલન પર ભાર મૂકતા જણાવ્યું કે, તેઓ આગામી છ મહિનામાં ફરીથી રિવ્યુ બેઠક યોજી કામગીરીની પ્રગતિ તપાસશે.

આકાંક્ષી તાલુકાનાં જુદાજુદા પેરામિટર અન્વયે થયેલી કામગીરીની પણ વિસ્તૃત જાણકારી પ્રેઝન્ટેશન થકી મંત્રીશ્રીએ મેળવી હતી. આ સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા, શ્રી શામજીભાઈ ચૌહાણ, જિલ્લા કલેક્ટરશ્રી કે.એસ. યાજ્ઞિક, જિલ્લા આયોજન અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ સ્થિત અંબિકા નિકેતન વૃદ્ધાશ્રમના વડીલો સાથે આનંદ, ઉલ્લાસ અને સૌહાર્દના પાવન પર્વ ધુળેટીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ આશ્રમના વડીલો સાથે ગુલાલથી ધુળેટી રમી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને વડીલોના જીવનમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. તેમણે આ પાવન પર્વે ગુજરાતની જનતા સહિત દિવસ-રાત ફરજ બજાવતા પોલીસ વિભાગ અને મીડિયાના મિત્રોને પણ રંગોત્સવની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડીલોની ઉપસ્થિતિમાં તહેવારની ઉજવણી કરવી એ સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે અને સૌના જીવનમાં આ હોળી-ધુળેટીનો તહેવાર સુખ-શાંતિ લાવે તેવી પ્રાર્થના કરી હતી. રંગોનો આ તહેવાર સૌના જીવનમાં નવી આશા અને ઉત્સાહના રંગો પૂરે તથા સૌનું સામાજિક જીવન પરસ્પર સ્નેહ અને મીઠાશથી મહેકતું રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.**

# ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એ 'ક્વાંટ ગેર મેળા' પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું

**પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ 'ક્વાંટ ગેર મેળા' પર ટપાલ ટિકિટની પ્રથમ નકલ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભેંટ કરી**



**'ક્વાંટ ગેર મેળા' પર જારી ટપાલ ટિકિટ ગુજરાતની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું**

કમલમ્,

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એ "ક્વાંટ ગેર મેળા"ની સાંસ્કૃતિક મહત્તાને માન આપી ૦૫ માર્ચ, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી નિવાસસ્થાને તેના પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ એ આ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણની પ્રથમ પ્રતિ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ને ભેંટ કરી. રાજ્યની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાના દિશામાં આ પહેલ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ અવસરે છોટાઉદેપુરલોકસભા સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી, સુશ્રી ગાર્ગી જૈન, કલેક્ટર, પ્રવર ડાક અધિક્ષક શ્રી આર.બી. ઠાકોર અને રાઠવા આદિવાસી સમુદાયના અનેક પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એ ભારતીય ટપાલ વિભાગ દ્વારા 'ક્વાંટ ગેર મેલા', છોટાઉદેપુર, ગુજરાત પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણબહાર પાડવાની પહેલનીપ્રશંસા કરતાં જણાવ્યું કે આ રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા અને પરંપરાઓના સંરક્ષણ અને તેને આવનારી પેઢી સુધી પહોંચાડવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. 'ક્વાંટ ગેર મેળો' માત્ર એક ઉત્સવ નથી, પરંતુપ્રકૃતિ સાથેના સામંજસ્ય, સામાજિક સમરસતા અને પેઢીઓથી ચાલતી આવતી પરંપરાઓનું જીવંત પ્રતિક છે. તે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને આદિવાસી જનજીવનની ઉજ્ઞત અભિવ્યક્તિ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ટપાલ ટિકિટોના માધ્યમ થી સંસ્કૃતિનું સંવર્ધન થાય છે અને યુવાનોમાં સાંસ્કૃતિક જાગૃતિ પણ વધે છે. આ પહેલથી આદિવાસી કલા, સંગીત અને નૃત્ય પરંપરાઓને સ્થિરતા મળે છે અને આવનારી પેઢી આ સમૃદ્ધ ધરોહર સાથે જોડાયેલી રહે છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આવા પ્રયાસો રાજ્યની સાંસ્કૃતિક ઓળખને મજબૂત બનાવવામાં, સમાજમાં સમરસતા અને એકતા વધારવામાં તેમજ આદિવાસી જીવનશૈલી અને કલાઓની પ્રાચીન પરંપરાઓને સંરક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે ટપાલ ટિકિટો દેશની સંસ્કૃતિ, કલા, વારસો, ઈતિહાસ, મહાન વ્યક્તિઓ અને મહત્વપૂર્ણ ઘટનાઓ તેમજ જ્ઞાન-વિજ્ઞાન અને સિદ્ધિઓનું પ્રતિબિંબ રજૂ કરે છે, જે સંચાર સાથે રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પણ પ્રોત્સાહન આપે છે. પોસ્ટમાસ્ટર જનરલે વધુમાં જણાવ્યું કે 'ક્વાંટ ગેર મેળા' પર ડાક વિભાગના સૌજન્યથી માનનીય મુખ્યમંત્રી દ્વારા જારી કરાયેલ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ આ આદિવાસી ઉત્સવની સમૃદ્ધ સાંસ્કૃતિક મહત્તાને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ બનશે અને ગુજરાતની સમૃદ્ધ આદિવાસી વારસાને પણ વધુ સમૃદ્ધ બનાવશે.

છોટાઉદેપુરના લોકસભા સાંસદ શ્રી જશુભાઈ રાઠવાએ જણાવ્યું કે 'ક્વાંટ ગેર મેળો' ગુજરાતના છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે દરવર્ષેયોજાતો એકપ્રસિદ્ધ આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ છે. આ મેળામાં આદિવાસી મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ, ભક્તિ અને પરસ્પર સૌહાર્દનો અનોખો માહોલ સર્જે છે. તેમણે જણાવ્યું કે માનનીય મુખ્યમંત્રી દ્વારા આ ઉત્સવ પર ટપાલ ટિકિટ જારી કરવામાં આવતા તેને નવી ઓળખ પ્રાપ્ત થઈ છે. તેમણે આ પહેલ માટે ડાક વિભાગનો પણ આભાર વ્યક્ત કર્યો. છોટાઉદેપુરના કલેક્ટર સુશ્રી ગાર્ગી જૈને જણાવ્યું કે હોળી પર્વ બાદ યોજાતો આ ભવ્ય મેળો રાઠવા આદિવાસી સમુદાયના રિવાજો, માન્યતાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓનું અનોખું પ્રતિબિંબ છે. ઢોલ-નગારાના તાલબદ્ધ નાદ, ગેર નૃત્યની ઊર્જાસભર રજૂઆતો, પરંપરાગત વાદ્યો, રંગબેરંગી વેશભૂષા અને શરીર પર આલેખાયેલી કલાત્મક આકૃતિઓ આ ઉત્સવની વિશેષતાઓ છે. માનનીય મુખ્યમંત્રીના નેતૃત્વમાં જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવેલી પહેલના અનુસંધાને ભારતીય ડાક વિભાગ દ્વારા જારી કરાયેલ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ આ ઉત્સવને વધુ પ્રતિષ્ઠિત બનાવે છે.

# સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના હસ્તે ૬૬૮ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ સહાયના હુકમો એનાયત

**આ માત્ર સરકારી કાર્યક્રમ નહીં પણ સંવેદનશીલતાનો યજ્ઞ, ૬૬૮ જરૂરિયાતમંદોને સ્થળ પર જ અપાઈ સહાય**







કમલમ્, સુરેન્દ્રનગર

આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલ ખાતે નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય', 'નિરાધાર વૃદ્ધ' અને

'દિવ્યાંગ સહાય યોજના'ના લાભાર્થીઓને હુકમ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વઢવાણ અને સુરેન્દ્રનગર વિસ્તારના કુલ ૬૬૮ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સંબોધતા નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગરના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ પ્રસંગ છે જ્યાં એક જ શહેરના ૬૬૮ જેટલા લાભાર્થીઓને શોધી, તેમના ફોર્મ ભરાવીને એક જ સ્થળેથી સહાયના હુકમો આપવામાં આવ્યા હોય.

આ માત્ર સરકારી પ્રક્રિયા નહીં પણ સંવેદનશીલતાનો યજ્ઞ છે. લાભાર્થીઓની આંકડાકીય વિગતો રજૂ કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આજે ૧૯૭ ગંગા સ્વરૂપા બહેનોને સહાય, ૧૬ લાભાર્થીઓને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ રૂ. ૨૦,૦૦૦ના ચેક અને ૪૪૫ નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગોને માસિક રૂ. ૧,૦૦૦ની સહાય મંજૂર કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર હંમેશા છેવાડાના માનવીની પડખે રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પહેલાં ગંભીર બીમારીના સમયે ઘરના દાગીના કે જમીન ગિરવે મૂકવી પડતી હતી, પરંતુ હવે આયુષ્માન કાર્ડ દ્વારા રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર નિશ્ચિત કરવામાં આવી છે. આ ઉપરાંત, કોરોના કાળથી શરૂ થયેલી મફત અનાજની યોજના આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને જે બેનો પાસે NFSA કાર્ડ નથી, તેમને પણ વહીવટી તંત્ર દ્વારા કાર્ડ કઢાવી આપવાની ખાતરી આપવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન શ્રી અમરતભાઈ ડાભી, તાલુકા પંચાયત ચેરમેન શ્રી અંબારામભાઈ, અગ્રણીઓ સર્વે શ્રી હાર્દિકભાઈ ટમાલીયા, જીજ્ઞાબેન પંડ્યા, દેવાંગભાઈ રાવલ તેમજ પ્રાંત અધિકારી શ્રી મેહુલ ભરવાડ અને મામલતદાર શ્રી આર.કે. પંચાલ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028